ગાંધીનગર સમાચાર

હુ ૨૧ મહીનાથી જેલમાં છું... મને ન્યાય આપો..



તું કાળી ને કલ્યાણી રે મા... - આદ્યશક્તિની આરાધનાના પર્વની બીજા દિવસથી જ જમાવટ થઈ છે... શહેરના ખેલૈયાઓ મોટી સંખ્યામાં અવનવી શૈલીમાં પ્રસ્તુતિ કરી શક્તિની ઉપાસનામાં ઓતપ્રોત બની ગયા હતા... ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા ચોકમાં મોટી સંખ્યામાં ખેલૈયાઓએ મન મુકીને નર્તનની અભિવ્યક્તિ કરી હતી... ગરબા પ્રેમીઓ પણ મોટી સંખ્યામાં ખેલૈયાઓને બિરદાવવા ઉમટ્યા હતા... હજુ આગામી છ દિવસમાં ગરબાનો રંગ પરાકાષ્ટાએ પહોંચશે... જાણીતા ગાયકો દિપ્તી દેસાઈ, પંકિત ડાભી અને સંગીતકાર અમિત ઠક્કરે પરંપરાત રાસ-ગરબાની રમઝટ લેવડાવી હતી... (તસવીર : દિપક વ્યાસ)

# શહેરમાં અસહ્ય ઉકળાટ

## આસો માસનો પ્રારંભ થયો તેમ છતાં તાપમાન ઘટતુ નથી : રાત્રે પણ ભારે ઉકળાટ

ગાંધીનગર, તા. ૧૫

નવરાત્રીનો પ્રારંભ થયો છતાં હજુ સુધી વાતાવરણમાં જોઈએ તેવી ઠંડક અનુભવાતી નથી. મહત્તમ તાપમાન ૩૮.૫ ડિ.સે. જેટલું ઉંચું અનુભવાતા વસાહતીઓ પરસેવે રેબઝેબ થઈ રહ્યા છે.

ચોમાસાની સીઝન પૂર્ણ થયા બાદ વાતાવરણમાં છેલ્લા ઘણા દિવસોથી ભારે ઉકળાટ અનુભવાઈ રહ્યો છે. દિવસ દરમ્યાન ખુબ આકરો તડકો પડે છે જેના કારણે ભારે ઉકળાટ અનુભવાઈ રહ્યો છે. એટલો બધો ઉકળાટ અનુભવાય છે કે વસાહતીઓ પરસેવે રેબઝેબ થઈ રહ્યા છે. ઉનાળામાં અનુભવાય છે તેટલી આકરી ગરમી અને તડકો હાલમાં અનુભવાઈ રહ્યો છે. મોટાભાગે નવરાત્રી શરૂ થાય તે પછી વાતાવરણમાં ઠંડક અનુભવવાની શરૂઆત થઈ જાય છે, પરંતુ આ વર્ષે ગરમી ઘટી નથી પરંતુ જાણે દિવસે દિવસે ગરમી વધતી જાય છે. આજે મહત્તમ તાપમાન ૩૮.૫ ડિ.સે. જેટલુ નોંધાતા વસાહતીઓ રીતસર ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૩.૫ ડિ.સે. જેટલું નોંધાતા રાત્રે પણ ભારે ઉકળાટ અનુભવાતો હતો.

# તબલા અને બાસુરી વાદનની સંગત સાથે કલ્ચરલ ફોરમના મેદાનમાં રંગત જામી

ગાંધીનગર તા ૧૫

કલ્ચરલ ફોરમ આયોજિત ગરબા મહોત્સવમાં બીજા નોરતે ખૈલેયાઓએ અદભુત બાંસુરી વાદન તેમજ તબલાના તાલે નર્તન રજુ કર્યુ હતુ. મંચ પરથી સુરીલા કંઠે રજુ થતા માતાજીના ગરબામાં સાજીંદાઓના વાજીંત્રોમાંથી ઉઠતા કર્ણપ્રિય સંગીતના સથવારે ખૈલેયાઓએ ગરબાની ધુમ મચાવી હતી. ગરબા મેદાનમાં અખંડ જયોતના દિવ્ય પ્રકાશ વચ્ચે ભાતીગળ વસ્ત્રોમાં સજ્જ ખૈલેયાઓમાં શકિતની ભકિતનો રંગ જામ્યો હતો.સુર તાલ અને લયના અદભુત સમન્વય સાથે ગરબાની રંગત જામી હતી. ઢોલની થીમ આધારિત સજ્જ કરાયેલા કલ્ચરલ ફોરમના ગરબામેદાનમાં સ્ટેજ પર પાછળના ભાગે મુકાયેલી માતાજીની થ્રી ડી ઈફેકટ પણ ભાવિકોને ભાવથી ભીંજવી જાય તેવી છે. ત્યારે આ વર્ષે ગરબા મેદાનમાં માતાજીની અખંડ જ્યોત પણ પ્રસ્થાપન કરવામાં આવી છે. નોરતાના બીજા દિવસે અમિત ઠક્કર અને દિપ્તી દેસાઈની સુર સંગીતથી ખૈલેયાઓ મુડમાં આવી ગયા હતા. મંચ પરથી રજુ થતા માતાજીના ગરબા અને ગરબા મેદાનમાં પથરાયેલા દિવ્ય જ્યોતના ઓજસ વચ્ચે ભાતીગળ વસ્ત્રોમાં સજ્જ ખૈલેયાઓએ ગરબાની ધુમ મચાવી હતી.સાંજીદાઓના બાસુરી વાદન અને તબલા-ઢોલની રંગત સાથે સુરીલા સ્વરે રજુ થતા ગરબાએ ગરબા પ્રમીઓને મોજ કરાવી દીધી હતી. ગરબા મેદાનમાં દિવ્ય ઓજસ વચ્ચે નિખરેલા નવયૌવનને માંણવા અને ગરબે ઘુમવા નિરખવા શ્રોતાઓની પણ ભીડ જામી હતી. ગૃપ સ્ટાઈલમાં અને ફ્રી સ્ટાઈલમાં ખૈલેયાઓએ ગરબાની રંગત જમાવી હતી.

**માતાજીની અખંડ જ્યોતના દિવ્ય પ્રકાશમાં સુર, શબ્દ અને સંગીતના સથવારે ખૈલેયાઓએ ગરબાની ઘુમ મચાવી : શ્રોતાઓ દંગ રહી ગયા**

# નવરાત્રીમાં ગરબા વીથ સેલ્ફીનો વધતો ક્રેઝ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં નવલી નવરાત્રીના પ્રારંભની સાથે જ નગરજનોમાં અનોખો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

નવદુર્ગાની શક્તિ અને ભક્તિના આરાધના પર્વ નવરાત્રીમાં દિવડાઓના અજવાળે જાકમજોળ રોશનીની વચ્ચે નગરના ખેલૈયાઓ ગરબાની રમઝટ માણી રહ્યા છે. રાત થતા જ યુવા હૈયાઓ ગરબા મેદાનમાં



મન મુકીને ગરબે ઘુમી રહ્યા છે. ત્યારે હાલ આ નવરાત્રી પર્વે યુવાનોમાં ગરબા વીથ સેલ્ફીનો અનોખો ક્રેઝ જોવા મળી રહ્યા છે. જે સૌ કોઈનું આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# શાળાએ જતા ૨૫ ટકા બાળકોની આંખમાં ખામી

ગાંધીનગર તા ૧૫

એક સંશોધન પ્રમાણે બાળકનો ૮૦ ટકા વિકાસ દ્રષ્ટીથી થાય છે . ૫ વર્ષની ઉંમર પહેલા ૫ ટકા બાળકને દ્રષ્ટીની ખામી હોય છે. જયારે શાળાએ જતા બાળકોમાં આંખની ખામી રહી જતી હોવાનુ આંખ રોગના નિષ્ણાંત ડો તેજલ દલાલે જણાંવ્યુ હતુ. તેમણે જણાંવ્યુ હતુ કે આવા સંજોગોમાં વાલીઓમાં આ મામલે જાગૃતતા કેળવાય તે અનિવાર્ય છે. જેથી શાળાએ જતા વિદ્યાર્થીઓની યોગ્ય દ્રષ્ટી ચકાસણી માટે આગામી સમયમાં એક વિશેષ અભિયાન હાથ ધરવામાં આવશે તેમ પણ તેમણે જણાંવ્યુ હતુ. જેમાં વિદ્યાર્થીઓની આંખની તકલીફ દુર કરવા શિક્ષકો તેમજ વાલીઓને સાથે રાખી યોગ્ય નિદાન કરવામાં આવશે.

શાળાએ જતા દર ૪ માંથી ૧ બાળકને આંખની ખામી હોય છે. આ અંગે શહેરના જાણીતા તબીબી ડો તેજલ દલાલે જણાંવ્યુ હતુ કે ૫ વર્ષની ઉંમર પહેલા ૫ ટકા બાળકને દ્રષ્ટની ખામી હોય છે. બાળકો આંખો ચોળવી, આંખો પટપટાવવી , ચોપડી નજીક રાખીને વાંચવાની કોશિશ કરવી ,નજીક જઈને ટી વી જોવુ,સ્કુલમાં દાખલા કે જોડણીમાં ભુલો કરવી ,કોપી કરવી ,માથુ દુખવુ,આંખો ખેંચાવી ,ભણવા અને ખેલકુદ પ્રત્યે રૂચિ ઘટવી, માંથુ ત્રાંસુ કરીને વાંચવુ, તેવા લક્ષણો જોવા મળે તો બાળક આંખની તકલીફથી પીડાય છે. તેમ સમજી તાત્કાલિક આંખ રોગના નિષ્ણાંતનો સંપર્ક કરવો જોઈએ. બાળકનો જન્મ થાય ત્યારબાદ દર બે મહીને આંખોની ચકાસણી કરવી જોઈએ જયારે ત્રણ વર્ષે અક્ષર કે ચિત્રો ઓળખવા લાગે ત્યારે સ્કુલમાં જાય ત્યારપછી દર બે વર્ષે ડોકટરની સુચના પ્રમાણે આંખોની તપાસ કરાવવી જોઈએ. દ્રષ્ટીની ખામીવાળા ૩૦ ટકા લોકો

**શિક્ષકો અને વાલીઓમાં જાગૃતતા અનિવાર્ય : તેજ આઈ સેન્ટર દ્વારા ૧૩ વર્ષ સુધીના બાળકોની આંખની તપાસ કરાશે. બાળકોની દ્રષ્ટી ચકાસણી માટે માસ્ટર પ્લાન ૧૦ પ્રકારના ટેસ્ટ કરાશે**

● અનુસંધાન પાન-૭ પર



શેરી ગરબા - બ્રહ્મસમાજ સેક્ટર-૧૬ ખાતે બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા શેરી ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગરબે ઘુમવા સમાજની મહિલાઓ મોટીસંખ્યામાં જોડાઈ હતી. (તસવીર : દિપક જાની)

# હુ ૨૧ મહીનાથી જેલમાં છું... મને ન્યાય આપો..

## જોધપુર જેલમાંથી આસારામે ગાંધીનગર કોર્ટને પત્ર લખ્યો

ગાંધીનગર તા ૧૫

મારી ઉંમર ૭૭ વર્ષની છે. હુ ૨૧ મહીનાથી જેલમાં છું..મને કોર્ટમાં લવાતો નથી..આ કેસ માત્ર ચાર્જફ્રેમની કાર્યવાહીમાં છે. ઝડપથી કેસ નહીં ચાલે તો પ્રોટેકટેડ ટ્રાયલની કાર્યવાહી ગણાશે..તેવી રજુઆત સાથે આસારામે ગાંધીનગર કોર્ટને ઝડપી ન્યાયી કાર્યવાહી માટે પત્ર લખ્યો છે.

બળાત્કાર કેસમાં સંડોવાયેલા આસારામે ગાંધીનગર કોર્ટને પત્ર લખી ઝડપી ન્યાયી કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી રજુઆત કરી છે. જોધપુર જેલમાંથી આવેલા આસારામના પત્રમાં કોર્ટને કરેલી અરજમાં તેમણે જણાંવ્યુ છે કે હુ ૭૭ વર્ષનો છુ. મારો કેસ ઝડપથી ચલાવો હુ ૨૧ મહીનાથી જેલમાં છું. ત્યારે મારી સામેનો કેસ માત્ર ચાર્જ ફ્રેમની કાર્યવાહીમાં જ અટવાયેલો છે. બળાત્કાર કેસમાં બે મહીનામાં જ ઝડપી કાર્યવાહી થતી હોય છે. હાઈકાર્ટ અને સુપ્રિમ કોર્ટના બંધારણની જોગવાઈઓનો ઉલ્લેખ કરી મને તાત્કાલિક ન્યાય નહીં મળે તો પ્રોટેકટેડ ટ્રાયલ ગણાશે. કેસ સંદર્ભે ઝડપી ન્યાયી કાર્યવાહી હાથ ધરવા તહામતદારે ગાંધીનગરની ફાસ્ટ ટ્રેક કોર્ટને પત્રના માધ્યમથી ન્યાય માટે રજુઆત કરી હતી.



ગરીબોની બેલી ગણાતી ડુંગળીનો ભાવ આજે સાતમા આસમાને પહોંચ્યો છે. ગરીબોના અચ્છે દિનના સપનાઓ ઉપર પાણી ફરી વળતા બુરે દિન ચાલુ હોવાની પરિસ્થિતિ જોવા મળી રહી છે. ડુંગળી, દાળ તેમજ શાકભાજીના ભાવો પર અંકુશ તો જોવા મળી રહ્યું નથી ત્યારે તમામ વર્ગને ન્યાય અપાવા ગાંધીનગરની એન.એસ.યુ.આઈ. દ્વારા ડુંગળીના ભાવના વિરોધમાં 'સેલ્ફી વિથ ડુંગળી'નો આશ્ચર્યજનક કાર્યક્રમ યોજી સરકારને ઊંગમાંથી ઉઠાડવાનું કામ કર્યુ છે. આ કાર્યક્રમમાં પ્રદેશ મહામંત્રી અંકિમત બારોટ, વેલ્ફેર મેમ્બર વિરેન્દ્રસિંહ ગોહિલ, જિલ્લા પ્રમુખ નિખિલ સિંઘાનિયા, કાઉન્સિલર હર્ષ પંડ્યા, જયરાજસિંહ વાઘેલા, યુવરાજસિંહ ગોહિલ, જયદીપ પંડ્યા સહિત એન.એસ.યુ.આઈ.ના કાર્યકર્તાઓએ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ અન્વયે વિવિધ સ્પર્ધાઓ યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

આગામી તા. ૧૭થી ૨૦ નવેમ્બર દરમ્યાન રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. ગ્રંથાલય સપ્તાહ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે. રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, સે. ૧૭ અને સે. ૨૧ સરકારી જિલ્લા પુસ્તકાલય ખાતે આ નિમિત્તે વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવશે.

તા. ૧૭ નવેમ્બરના રોજ રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, સે. ૧૭ ખાતે ઉદ્‌ઘાટન અને સ્પર્ધાત્મક પુસ્તકોનું પ્રદર્શન ૧૧.૩૦ કલાકે કરવામાં આવશે.

તા. ૧૮ નવેમ્બરના રોજ સરકારી જિલ્લા પુસ્તકાલય, સે. ૨૧ ખાતે નિબંધ સ્પર્ધા યોજાશે. જેમાં ધો. ૫ થી ૮ના વિદ્યાર્થીઓના વયજૂથનો નિબંધનો વિષય સ્વામી વિવેકાનંદ અથવા ચાચા નહેરુ રહેશે તેમજ ધો. ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓના વયજૂથના નિબંધનો વિષય સ્વચ્છ ભારત અભિયાન સફળતા સંબંધી મારા વિચારો રહેશે. આ નિબંધ સ્પર્ધા ૧૧ થી ૧ કલાક દરમ્યાન યોજાશે. ક્વીઝ સ્પર્ધા તા. ૧૯ નવેમ્બરના રોજ સે. ૧૭ ખાતે ૧૧ કલાકે યોજાશે. જેમાં ધો. ૫ થી ૧૨ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. તા. ૨૦ નવેમ્બરના રોજ સે. ૧૭ ખાતે ૧૨ કલાકે રંગોળી હરિફાઈ તથા સે. ૨૧ ખાતે સવારે ૧૦ કલાકે શ્રુતલેખન સ્પર્ધા યોજાશે. તેમજ સમાપન કાર્યક્રમ અને ઈનામ વિતરણ સમારોહ સાંજે ૪.૦૦ કલાકે રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય સે. ૧૭ ખાતે યોજાશે.

**વિશ્વા મંડપ ડેકોરેટર્સ**
કેટરર્સ
દરેક શુભ પ્રસંગે મંડપ, મેરેજ સ્ટેજ, રીસેપ્શન સ્ટેજ, લાઈટ, ગાદલા, ખુરશી, રસોઈના વાસણો ભાડેથી મળશે.
- પીરસનાર સ્ટાફ, રસોઈ (બુફે કાઉન્ટર)
- અમારે ત્યા દરેક શુભ પ્રસંગે લેબર તથા ડીસ કોન્ટ્રાક્ટથી ઓર્ડર લેવામાં આવશે.
- શુભ પ્રસંગે રસોઈ તથા મંડપના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.

મુ. પેથાપુર, અંબિકા ચોક, બજારમાં, તા.જી. ગાંધીનગર
પ્રો. મહેશભાઈ બી. દરજી
મો. ૯૭૧૪૮૯૮૯૯૯, ૯૮૨૪૦ ૦૯૧૨૬

GSPC
SALE OF MULTIFUNCTIONAL CANON MAKE XEROX MACHINE
Sealed covers are invited by Gujarat State Petroleum Corporation Ltd for sale of Multi functional Canon make Xerox machine on "AS IS WHERE IS BASIS (Unserviceable)". The last date of submission of BID is by 17:00 hrs on 23rd October 2015. All submissions to be made at below mentioned address;
Vice President (Admin)
Gujarat State Petroleum Corporation Ltd.
GSPC Bhavan, Behind Udhyog Bhavan, Sector-11,Gandhinagar-382010, Gujarat. Tel: +91-79-66701704. Website : www.gspcgroup.com

**એસ્ટ્રો કન્સલટન્સી**
જ્યોતિષ અને પરામર્શ દ્વારા તમામ પ્રકારની સમસ્યાઓનો સચોટ ઉકેલ કરી આપવામાં આવશે.
મો.૯૫૧૨૮૯૨૯૨૨,૯૫૧૨૮૯૨૭૬૯

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com